# બાલોદ્યાનને એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવાનું સ્વપ્ન હમણાં સાકાર નહીં થાય!

## બાલોદ્યાનને પાર્ટીપ્લોટ પેટર્ન મુજબ વિકસાવવા પાછળ તોતિંગ ખર્ચ થાય તેમ છે

ગાંધીનગર, તા.૨૩

સે-૨૮ બાલોદ્યાનને એમ્યુઝમેન્ટ પાર્ક બનાવાનું સ્વપ્ર સાકાર કરવાનું મુશ્કેલ બન્યું છે. બાલોદ્યાનને પાર્ટી પ્લોટ પેટર્ન મુજબ વિકસાવવા ત્રણ મહીનાના અંતે પણ માત્ર બે જ એજન્સીએ અહેવાલ સુપ્રત કર્યો છે. બીજી તરફ ખર્ચનો અંદાજ પણ ઊંચો હોવાથી હાલ પુરતું આ સમગ્ર આયોજન કોરાણે મુકી દેવાયું હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

સે-૨૮ બાલોદ્યાન એક જમાનામાં સહેલાણીઓ માટે અદમ્ય આકર્ષણનું કેન્દ્ર સ્થાન ગણાતો હતો. પરંતુ છેલ્લા બે દાયકાથી આકર્ષકતા ગુમાવી બેઠેલા બાલોદ્યાનને મરણપથારીએથી બેઠો કરવા છેલ્લા બે ત્રણ વર્ષમાં તંત્ર દ્વારા મહત્વના કામો હાથ ધરવામાં આવ્યા હતા. આ દરમિયાન વર્ષોથી બંધ બાલોદ્યાનની મીની ટ્રેઈન ટ્રેક પર દોડતી કરી દેવાઈ હતી. જયારે નવા પ્લેટફોર્મ સાથે ઉદ્યાનના કેટલાક ભાગમાં હરિયાળી લોન તેમજ વોક વેનું કામ હાથ ધરાયું હતું. જેના અંતે બાલોદ્યાનમાં થોડી ઘણી રૌનક પણ આવી છે. બીજી તરફ બાલોદ્યાનને વિકસાવવા વિભાગ દ્વારા નવીન વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં બાલોદ્યાનને એમ્યુઝમેન્ટ પાર્ક તરીકે વિકસાવવા તંત્ર દ્વારા ડીટેઈલ રીપોર્ટ તૈયાર કરવા વિવિધ એજન્સીઓને જાણ કરવામાં આવી હતી. જો કે આ મામલે લાંબા સમયના અંતે માત્ર બે જ એજન્સીઓએ બાલોદ્યાનનો વિકસાવવાનો પ્રોજેકટ તૈયાર કરીને શકયતાદર્શી રીપોર્ટ સુપ્રત કર્યો છે. બાલોદ્યાનને પાર્ટી પ્લોટ પેટર્ન મુજબ વિકસાવવાના આયોજનમાં ભવ્ય એન્ટ્રન્સ, સોલાર સિસ્ટમ, અદ્યતન ટ્રેન સહીતની તમામ બાબતો સંદર્ભે યોગ્ય આયોજન થઈ શકે તે માટે વિભાગ દ્વારા આ દીશામાં પ્રયાસ હાથ ધરાયો હતો પરંતુ આ પ્રોજેકટ સંદર્ભે તોતિંગ ખર્ચને પણ ધ્યાને રાખવો પડે તેમ હોવાથી હાલ આ મામલે કોઈ પ્રગતિ થઈ શકી નથી. અત્યાર સુધીમાં માત્ર બે જ એજન્સીઓએ બાલોદ્યાનના સંભવિત વિકાસ સંદર્ભે રીપોર્ટ તૈયાર કરવાની ઉત્કૃષ્ટતા દાખવી છે ત્યારે હાલના તબક્કે બાલોદ્યાનનો આધુનિક ઢબે વિકસાવવાનું આયોજન સફળ થાય તેમ લાગતું ન હોવાનો નિર્દેશ પણ સાંપડયો છે.

# ધારાસભ્યોએ કોંગ્રેસ છોડવાની દોડ શરૂ કરતા કોંગ્રેસે ડેમેજ કંટ્રોલ શરૂ કરી

## પ્રભારી કામત ગુજરાત દોડી આવ્યા : આજે ધારાસભ્યો સાથે વન ટુ વન બેઠક કરશે

ગાંધીનગર, તા. ૨૩

કોંગ્રેસ છોડવાની ધારાસભ્યોએ શરૂ કરેલી દોડને રોકવા ગુજરાત કોંગ્રેસના પ્રભારી ગુરૂદાસ કામત હવે ધારાસભ્યોને બચાવવા આવતીકાલે વન ટુ વન બેઠક કરનાર હોવાનું જાણવા મળે છે.

લોકસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો, ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાવાની શરૂ કરેલી દોડથી કોંગ્રેસ મોવડીમંડળની ઉંઘ હરામ થતા આખરે આ દોડને રોકવા માટે મોવડીમંડળે ગુજરાતના પ્રભારીને ગુજરાત દોડાવ્યા હોવાનું કોંગ્રેસમાં ચર્ચાઈ રહ્યું છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા સત્ર શરૂ થયું તે દરમ્યાન કોંગ્રેસના બે ધારાસભ્યો જશાભાઈ બારડ અને રાજેન્દ્રસિંહ ચાવડાએ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી કોંગ્રેસને અલવીદા કરી ભાજપમાં જોડાઈ ગયા છે અને હજુ પણ વધુ ત્રણ થી ચાર ધારાસભ્યો રાજીનામુ આપવા માટે થનગની રહ્યા છે.

કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી ભાજપમાં જોડાવાની ધારાસભ્યોએ શરૂ કરેલી દોડથી કોંગ્રેસ નેતાગીરીની ઉંઘ હરામ થઈ ગઈ છે અને સફાળા જાગી ડેમેજ કંટ્રોલ એકસરસાઈઝ શરૂ કરી છે. જેના ભાગરૂપે કોંગ્રેસ મોવડીમંડળે ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને રાષ્ટ્રીય નેતા ગુરૂદાસ કામતને ગુજરાતમાં ધારાસભ્યોને મનાવવા માટે સૂચનાઓ આપી હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત કોંગ્રેસ પ્રભારી ગુરૂદાસ કામત આવતીકાલે ગુજરાત આવી રહ્યા છે અને ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે કોંગ્રેસના ધારાસભ્યો સાથે વન ટુ વન બેઠક કરીને તેમને ધારાસભ્ય પદેથી રાજીનામુ નહી આપવા માટે મનાવવામાં આવશે અને તેમની રજુઆતો સાંભળીને તેનો ઉકેલ લાવવા માટેના પ્રયાસો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ હજુ આગામી દિવસોમાં વધુ ત્રણ થી ચાર ધારાસભ્યો કોંગ્રેસ છોડવાના હોવાના અહેવાલોને પગલે કોંગ્રેસ નેતાગીરી સફાળી જાગીને ડેમેજ કંટ્રોલ એક્સરસાઈઝ શરૂ કરી છે. જો કે કોંગ્રેસ નેતાગીરીને તેમાં સફળતા મળશે કે પછી ધારાસભ્યો ભાજપ તરફની દોડ ચાલુ રાખશે તે આવનારા સમયમાં જ ખ્યાલ આવશે.

### વડીલોને વંદન અભિનંદન



મુનાવરખાન એસ. પઠાણ
(૧૯૪૧)મો.૯૮૨૫૦૦૮૪૩૦



પુષ્પા રવિન્દ્રનાથ મહેતા
(૧૯૩૬)ફોન:૨૩૨૨૨૨૯૦

# હેલો મારો સાંભળો રણુંજાના રાજા, હુકમ કરો તો પીર જાત્રાએ જાય...

ગાંધીનગર, તા. ૨૩

શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંજિલ પર મને... આ ઉક્તિને તાદશ્ય હાલ ગાંધીનગરના માર્ગો પર અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં આવેલા વિકટર ગામના ૩૨ વર્ષીય યુવાન પ્રફુલ્લદાસ દેવમોરારિ કરાવી રહ્યા છે. આ યુવાન ૧૧૦૦ કિલોમીટરનો પંથ આળોટતા આળોટતા કાપી રણુજાના રામદેવપીરના દર્શન કરવાની ખેવના રાખી છે.

અડગ નિશ્ચય અશક્ય કાર્યને પણ શક્ય બનાવે છે તેની પ્રતિતિ કરાવતા અમરેલી જિલ્લાના યુવાન પ્રફુલ્લદાસ મનહરદાસ દેવમુરારિ ગાંધીનગરની સડકો પર આળોટીને તેમનો પંથ કાપી રહ્યા છે. આ રીતે રોડ પર આળોટતા યુવાનને નિહાળીને નગરવાસીઓ આશ્ચર્યમાં દિગ્મૂઢ બની જાય છે. રાજુલા તાલુકાના વિકટર ગામેથી આ રીતે ગુલાંટ ખાતા ખાતા નિકળેલા આ યુવાને આ રીતે છેક રાજસ્થાનના રણુજા ખાતેના રામદેવડા મંદિરે પહોંચવાની રામદેવપીરના દર્શન કરવાની ઈચ્છા રાખેલ છે. તેમના આ ભગીરથ કાર્યમાં તેમની સાથે તેમનો પરિવાર દેખરેખ માટે જોડાયો છે. જેમાં તેમના માતા, ભાઈઓ અને બહેનનો પણ સમાવેશ થાય છે.

ભારતમાં ઈશ્વર પ્રત્યે આસ્થા અને ભક્તિ કોઈ પણ કઠિન કાર્યને સરળ બનાવી દે છે. પ્રફુલ્લદાસના પિતાએ પણ આ રીતે જ રણુજાના રામદેવપીરના દર્શન કર્યા હતા અને આજે પોતાના પિતામાંથી જ પ્રેરણા લઈને પ્રફુલ્લદાસ પણ આળોટતા આળોટતા ૧૧૦૦ કિલોમીટર લાંબી મજલ કાપવાનું અતિ કપરૂ કામ આરંભ્યુ છે. વિકટરથી ગાંધીનગર પહોંચતા તેમને ચાર મહિનાનો સમય લાગ્યો છે જ્યારે રાજસ્થાનના રણુજા રામદેવડા મંદિરે પહોંચતા હજુ છ માસનો સમય લાગશે તેવો તેમના પરિવારે અંદાજ આપ્યો હતો. આ સાંભળતા જ મૌસમના બારણે આવીને ઉભેલા ઉનાળાની ગરમી યાદ આવે અને ત્યારે આળોટતા આળોટતા રસ્તો કાપવાની વાત મનમા કમકમાટી ફેલાવી દે તેવી છે.

પણ શ્રદ્ધા જેનુ નામ, પ્રફુલ્લ દેવમોરારિ તેમની શ્રદ્ધાના જોરે અશક્યને શક્ય કરવા નીકળી પડ્યા છે ત્યારે તેમના આ સાહસને સો-સો સલામ કરવાનું મન થાય છે.

### શબ્દાવલી - ૫૩૨૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | ■ | ૮ | | ■ | |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| ■ | ■ | ૧૩ | | ■ | ૧૩ | ■ | |
| ૧૪ | ૧૫ | | | ■ | ૧૬ | | |
| ૧૭ | | | ■ | ૧૮ | | ■ | ■ |
| ૧૯ | | | ૨૦ | | | ■ | ૨૧ |
| | ■ | ■ | | ■ | ■ | ૨૨ | |

**આડી ચાવી**

૧. બુરખો (૩)
૪. ષડ્યંત્ર, પ્રપંચ (૪)
૭. હવા, વાયુ (૩)
૮. માખણ (૨)
૯. સફળ, ઇચ્છા... આવવી(૨)
૧૦. ખૂણો, કયુ (પ્રશ્નાર્થ (૨)
૧૧. ન્યાયાધીશ (૨)
૧૨. ઓછું (૨)
૧૪. એક સુંવાળું કાપડ (૪)
૧૬. ગોવાનો રહેવાસી (૩)
૧૭. ત્રાજવું (૩)
૧૮. મુદ્રિકા, રીંગ (૨)
૧૯. મુછનો દોરો હજુ ફુટ્યો ના હોય તેવું (૬)
૨૨. તરસ (૨)

**ઊભી ચાવી**

૧. રાજા (૩)
૨. ડરપોક, બાયલો (૩)
૩. જોર, જુસ્સો (૨)
૪. જાદુ (૩)
૫. હિસાબનો ચોપડો (૨)
૬. રૂપથી પૈસા કમાતી સ્ત્રી(૫)
૧૦. નાજુક, કુણુ (૩)
૧૨. અશક્ત (૪)
૧૩. બાળપણનો મિત્ર (૪)
૧૪. ગરજ, જરૂરિયાત (૪)
૧૫. ગંદુ (૩)
૧૮. આંકડાથી ડંખ મારતું એક જંતુ (૨)
૨૦. ચહેરો, વદન (૨)
૨૧. બોલી, વાણી (૨)

### શબ્દાવલી ૫૩૨૨ના જવાબ

***આડી ચાવી :-*** (૧) ક્ષિતિજ (૪) અખબાર (૭) થીગડથાગડ (૧૦) તરણું (૧૧) મશ (૧૩) તક (૧૫) શરમ (૧૬) કલા (૧૭) કમોત (૧૯) પીન (૨૧) બાક્સ (૨૪) કડાઇ (૨૬) હેમ (૨૮) શોમલ (૨૯) લીન

***ઊભી ચાવી :-*** (૧) તિથિ (૩) જગત (૪) અથાણુ (૫) ખગ (૬) બાડમેર (૮) ડરપોક (૯) ચાતક (૧૨) શમણું (૧૪) કલાપી (૧૫) શતક (૧૮) મોબાઇલ (૨૦) નકશો (૨૨) સહેલી (૨૩) ધામ (૨૫) ડામ (૨૭) મન

# રવિવારનો દિવસ રાજકીય પક્ષોના નેતાઓની રેલીઓનો દિવસ બન્યો

ગાંધીનગર, તા. ૨૩

આજે રવિવારનો દિવસ રાજકીય પક્ષોના નેતાઓની રેલીઓનો દિવસ બની રહ્યો હતો.

પંજાબના લુધીયાણા ખાતે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ફતેહ રેલીને સંબોધી હતી. તો કોંગ્રેસના યુવા સાંસદ અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ દેહરાદુન ખાતે રેલીને સંબોધી હતી.

તાજેતરમાં જ નવા પક્ષ તરીકે ઉભરી રહેલા આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલે હરિયાણાના રોહતક ખાતે રેલી સંબોધી હતી.

લોકસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે રાજકીય પક્ષોના નેતાઓએ ચૂંટણી પ્રચાર વેગીલો બનાવી દીધો છે અને રોજે રોજ વિવિધ રાજ્યોમાં ચૂંટણી સભાઓને સંબોધી રહ્યા છે. આજે રવિવારના દિવસે ભાજપ કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીના નેતાઓએ રેલીઓ ગજવતા આજના દિવસ રેલીઓનો દિવસ બની રહ્યો હતો.

### પલ્સ પોલિયો અભિયાન

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

લગ્નસરાની અને પરીક્ષાના માહોલની વધુ અસરો વચ્ચે પણ ૮૧ ટકા જેટલા બાળકોને આવરી લેવાયા છે. તો ગ્રામ્ય વિસ્તારમાં પણ ૮૮.૯૬ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ગત વખતે નબળી કામગીરી થઈ હોય તેવા બુથ અલગ તારવવામાં આવ્યા હતા ત્યાં વિશેષ અભિયાન રૂપે તંત્ર કામે લાગ્યું હતું. ગાંધીનગર કલોલ માણસા અને દહેગામમાં સારી કામગીરી થઈ છે. જો કે આ ચારેય તાલુકાના શહેરી વિસ્તારોમાં નબળી કામગીરી થયાનો આડકતરો એકરાર તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

# લોકસભા-૨૦૧૪ના ૧૪ ચહેરા કોઈ ખિલશે તો કોઈ કરમાશે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**


ભારતની લોકશાહીમાં આવનારી લોકસભાની ૨૦૧૪ના ચૂંટણીમાં ૧૪ એવા ચહેરા છે જે સામે આવ્યા છે જે પૈકી કેટલાક ચહેરા ખિલશે તો કેટલાક કરમાશે. મે મહિનામાં જેનું ગઠન થવાનું છે તે નવી સરકાર કેવી હશે તે કહેવું ઘણું વહેલું છે, કારણ કે આ વખતે કોંગ્રેસનું કોઈ મોજું દેખાતું નથી અને ભાજપને સત્તામાં આવેલો કોળિયો ઝૂંટવાઈ ન જાય તેની ચિંતા છે. આમ છતાં મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી દિલ્હી વિધાનસભાનું પુનરાવર્તન ધરાર ઈચ્છતા નથી. એટલે તેમણે કોંગ્રેસની સાથે વિવિધ મોરચાની ટીકા કરવાનું શરૂ કરી દીધું છે. મોદી માટે તો ગુજરાતના લોકો બોલી રહ્યાં છે...?? ઈઝ વેલ..!! ...ઓલ ઈઝ વેલ..!!

લોકસભાના જંગમાં ૧૪ એવા ચહેરા છે જેઓનો રોલ મહત્વનો માનવામાં આવે છે. આ ૧૪માં સૌથી ટોચ ઉપર નરેન્દ્ર મોદી છે જે ભાજપના સુકાની છે, અને એનડીએના રખવાલા છે. બીજાક્રમે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આવે છે. ત્રીજાક્રમે આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ છે. તેમના પછી ભાજપના સિનિયર મોસ્ટ લાલકૃષ્ણ અડવાણી અને સુષ્માસ્વરાજનો નંબર આવે છે. બીજી તરફ કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધી, વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહ અને એનસીપીના ચીફ શરદ પવાર છે. કોંગ્રેસ અને ભાજપનો સૌથી મોટો મદાર છે તે થર્ડ અને ફોર્થ ફ્રન્ટના મુલાયમસિંહ યાદવ, માયાવતી, મમતા બેનરજી, જયલલીથા અને નવીન પટનાયક છે. અહીં અમિત શાહનું નામ એટલા માટે એડ કર્યુ છે કે તેઓ ઉત્તરપ્રદેશ સહિત નોર્થ ઈન્ડિયામાં ભાજપ માટે કી-રોલ ભજવી રહ્યાં છે...

**બોલ રાધા બોલ, સંગમ હોગા કે નહી...**



ગુજરાતમાં ચૂંટણી લડવા માટે બનાવેલી નવી પાર્ટીનો ખૂબ ઝડપથી સંકેલો થઈ જાય છે. એકમાત્ર ચીમનભાઈ પટેલ તેમની નવી પાર્ટીને બે થી અઢી વર્ષ સુધી ટકાવી શક્યા હતા, બાકીની ત્રણ પાર્ટીઓ એક થી દોઢ વર્ષના ટૂંકા ગાળામાં વિલિન થઈ ચૂકી છે. ૧૯૯૦ પછી રાજયમાં પ્રથમ જનતાદળ-ગુજરાત, ત્યારબાદ રાષ્ટ્રીય જનતા પાર્ટી, પછી મહાગુજરાત જનતા પાર્ટી અને છેલ્લે ગુજરાત પરિવર્તન પાર્ટીની રચના થઈ હતી. આ ચાર પાર્ટીઓના જન્મદાતાઓ મુખ્યપ્રધાન પદ ઉપર આરૂઢ થઈ ચૂકેલા છે, જે પૈકી હયાત ત્રણ પૂર્વ સીએમને




વર્તમાન યુવા નેતાઓ ''ફુટેલી બંદૂક'' ની ઉપમા આપે છે...

આ બંદૂક નથી, આ એક સોચ છે. વિચાર છે. પાર્ટીના પાયા છે. ત્રણેયનો સરવાળો કરીએ તો ઓરિજનલ ભાજપ બની જાય છે. એક છે શંકરસિંહ વાઘેલા કે જેઓ સ્ટેટેજીના માસ્ટરમાઈન્ડ છે. બીજા સુરેશ મહેતા છે તેઓ કાયદાકીય આંટીઘૂંટી ઉકેલવામાં અને દલીલો કરવામાં માહિર છે. ત્રીજા કેશુભાઈ પટેલ છે જેમની પાસે કોઠાસૂઝ છે. તેમનામાં પ્રજાની નાડ પારખવાની ગજબની શક્તિ છે. કોઈ વર્તમાન મુખ્યપ્રધાન માટે આ ત્રણેય નેતાઓ સલાહકાર બની જાય તો તે સરકાર ટનાટન ચાલી શકે છે. કમનસીબે ૨૦૦૧ પછી આ ત્રણેયનો સંગમ થયો નથી, જે સંગમ કરવાનો પ્રયાસ નરેન્દ્ર મોદી બાર વર્ષ પછી કરી રહ્યાં છે.

**ગુજરાતમાં આમ આદમી પાર્ટી છોડી રહ્યાં છે...**

લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત કોંગ્રેસ મેદાન છોડીને ભાગી રહી છે અથવા તો તે પાર્ટીમાં પરિવર્તન ઈચ્છી રહી છે. ૨૦૧૨માં ચૂંટાયેલા ધારાસભ્યો એક પછી એક ભાજપમાં જોડાઈ રહ્યાં છે ત્યારે પ્રદેશ નેતાઓ તેમને



બાય-બાય કરવા લાગ્યા છે... કોંગ્રેસના ચૂસ્ત સમર્થક એવા એક નેતાએ કહ્યું હતું કે ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલા નેતાઓ કોંગ્રેસને છોડી રહ્યાં છે ત્યારે તેની પાછળ વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાનો તો દોરીસંચાર નથી ને...પહેલાં બધાંને મોકલીને પછી તેઓ ખુદ ભાજપમાં જોડાઈ જાય, કારણ કે ભાજપનું એકમાત્ર કોંગ્રેસ ફ્રી ઈન્ડિયા મિશન છે. સચિવાલય અને અમદાવાદમાં એવી એક યાદી ફરી રહી છે કે જેમાં એવા ધારાસભ્યો અને આગેવાનોના નામ છે કે જેઓ કોંગ્રેસ છોડી રહ્યાં છે.

હવે ક્યા ધારાસભ્ય જવાના છે તેની અટકળો તેજ બની છે. કોંગ્રેસમાં રાજપાના અને ખાસ કરીને શંકરસિંહ વાઘેલાના સમર્થકો ભાજપમાં જોડાઈ રહ્યાં છે. વિધાનસભામાં કોંગ્રેસના ૬૦ ધારાસભ્યો ચૂંટાયા હતા જે પૈકી ૨૨ ધારાસભ્યો શંકરસિંહ જૂથના છે. ભાજપને જરૂર નથી છતાં જે રીતે ધારાસભ્યોને વેલકમ કરી રહ્યું છે તે જોતાં એવું લાગે છે કે કોંગ્રેસના રાજીવ ગાંધી ભવનને ખાલી કરી દેવાનો પ્લાન છે. પાર્ટી સૂત્રોના કહેવા પ્રમાણે લોકસભાની ચૂંટણી પહેલાં હજી દસ થી વધારે ધારાસભ્યો અને ત્રણ થી ચાર સંસદસભ્યોને ભાજપમાં લઈ જવાની સ્ટેટેજી બનાવવામાં આવી છે...

**ગુજરાતમાં ભાજપનું કોંગ્રેસીકરણ થઇ રહ્યું છે...**

કોંગ્રેસનો જૂનો માલ ભાજપના ગોડાઉનમાં ઠલવાઈ રહ્યો છે તે જોતાં ભાજપના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે અમારા પાર્ટીના સમર્થક કાર્યકરો અને આગેવાનો આ પ્રવાહથી ખૂબ નારાજ છે, કારણ કે આજ-કાલમાં પાર્ટીમાં જોડાયેલા નેતાઓને સીધા પાવરમાં લઈ લેવામાં આવે છે. જેની સામે ચૂંટણી લડ્યા હોઈએ તેનો પ્રચાર કરવા જવું પડશે. કોંગ્રેસના એમપી વિઠ્ઠલ રાદડિયા અને તેમના પુત્રના ભાજપ પ્રવેશ પછી સ્થાનિક રાજકારણમાં સામસામે તલવારો ખેંચાયેલી છે. કોંગ્રેસમાં જયારે ''જનતાદળ-ગુજરાત'' નું વિલિનિકરણ થયું ત્યારે કોંગ્રેસની હાલત ભાજપ જેવી હતી. નવા લોકોને સમાવીને તેમના માટે ચૂંટણીનું કામ કરવું ખૂબ કપરૂં હતું. કોંગ્રેસના સિનિયર નેતાઓ અને કાર્યકરો નવા લોકોને શંકાની નજરે જોતાં હતા.

આ તો કોઈ માતા-પિતાએ પોતાની પાસે પુત્ર હોવા છતાં કોઈના બાળકને દત્તક લીધો હોય તેવો ઘાટ ઘડાયો છે. જે ઉમેદવારની સામે ચૂંટણી લડ્યા હોઈએ તે ઉમેદવારને જીતાડવાનું કામ કરવું કેટલું કપરૂં હોય છે તે જાણવું હોય તો કોંગ્રેસના નેતાઓને પૂછવું પડે.. આ મુદ્દે કોંગ્રેસના નેતાઓ ભાજપના સલાહકાર બની શકે છે, કારણ કે કોંગ્રેસ સ્વ. ચીમનભાઈ પટેલના ''જનતાદળ-ગુજરાત'' ના નેતાઓને છેલ્લા ૨૨ વર્ષથી અને શંકરસિંહ વાઘેલાની ''રાજપા''ના નેતાઓને છેલ્લા ૧૫ વર્ષથી સાચવી રહી છે. હવે આ કામગીરી ભાજપ પાસે આવી છે...

**કરપ્શન ફ્રી ગુજરાત સ્ટેટમાં ભરતીકાંડ ...**

ગુજરાતમાં છેલ્લા ૧૨ વર્ષથી રામરાજય છે. કોઈ ભ્રષ્ટાચાર નથી. તલાટીની ભરતીનું છેલ્લે ખુલેલું કૌભાંડ સાબિત કરે છે કે સરકારમાં સૌ સારા-વાના નથી. મોદી ભલે પ્રામાણિક હોય, તેમના સાથીદારો સામે આંગળી ચિંધાઈ રહી છે. એવું માનવામાં આવે છે કે લોકપ્રિયતાની ટોચ ઉપર પહોંચેલા વ્યક્તિને કીચડમાં ફસાવનારા તેમના મળતિયા લોકો જ હોય છે. મોદી સરકાર બદનામ થાય છે તો તેમના સાથીદારોના કારણે જ...!! કેશુભાઈ પટેલની સરકાર બદનામ કેમ થઈ, શંકરસિંહ વાઘેલાના સ્વપ્નો કેમ સિદ્ધ થયા નહીં, ચીમનભાઈ પટેલ કેમ સુખેથી શાસન કરી શક્યા નહી.. આ




ઉદાહરણોની અંદર જઈએ તો ખબર પડે કે આ પૂર્વ મુખ્યમંત્રીઓને તેમની સરાઉન્ડ ફરી રહેલા સર્કલે જ વધુ બદનામ કર્યા છે...

એન્ટી કરપ્શન બ્યુરોનો ટોલ-ફ્રી નંબર આપીને સરકારે એવી જાહેરાત કરી હતી કે તલાટીની ભરતીમાં ગુજરાતના કોઈ ઉમેદવારે પૈસા આપવાના નથી, કોઈ માગે તો આ રહ્યો નંબર, ફોન કરીને જાણ કરી શકો છો... શું થયું આ હેલ્પલાઈન નંબરનું કે આટલું મોટું કરોડો રૂપિયા ઉઘરાવી લેવાનું કૌભાંડ બહાર આવ્યું.. મોદીની સરકારમાં સુજલામ સુફલામ, ઉદ્યોગપતિઓને ફાયદા, ખનીજ ચોરી અને સરકારી નાણાનો દુરપયોગ એ મુદ્દાઓ ઉપર કરપ્શનના સિમ્બોલ લાગી ચૂક્યાં છે, આમ છતાં ગુજરાત કરશન ફ્રી સ્ટેટ છે તેવો દેશભરમાં દાવો કરવામાં આવી રહ્યો છે...

**મિનરલ બોટલની ટેવથી ટેક્સ આવ્યા...**

નર્મદાનું જળ આપણને મફતમાં પીવા મળતું નથી. સરકાર તેના રૂપિયા વસૂલ કરે છે. સામાન્ય જનતા જ નહીં, ઉદ્યોગો અને ખેડૂતો પણ પાણીના દામ ચૂકવે છે. પાણી તો ઠીક આપણે તો કુદરતી હવાનો પણ



ઈનડાયરેક્ટલી ટેક્સ ભરીએ છીએ. સરકાર હવે આપણને મફતમાં કંઈ આપવા માગતી નથી કારણ કે તે વેપારી બની ચૂકી છે. મહાઅમાત્ય ચાણક્યએ કહ્યું છે કે જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી .. આપણે મતદારો ભિખારી બની ગયા છીએ. મફતમાં મળતી ચીજની વેલ્યુ હોતી નથી તે સરકાર પણ સમજી ચૂકી છે. આપણે પણ અત્યાર સુધી વેલ્યુ સમજયા જ નથી તેથી હવે વિવિધ ટેક્સ ચૂકવવાના દિવસો આવી ગયા છે...

આ વાત એટલા માટે યાદ આવી કે સરકારે નર્મદા પાણીના દરો જાહેર કર્યા છે તે જોતાં સૌથી મોંઘુ પાણી ઉદ્યોગોને આપવામાં આવે છે. જી, હા- ઉદ્યોગોને ૧૬.૧૧ રૂપિયાના ભાવે ૧૦૦૦ લીટર પાણી મળે છે, જયારે



આપણને પીવા માટે સરકારે ૧૦૦૦ લીટર પાણીનો ભાવ ૧.૯૫ રૂપિયા બાંધી આપ્યો છે. આ ભાવ સ્થિર રહેવાની કોઇ ગેરંટી નથી, તેમાં વધારો થઈ શકે છે. ખેડૂતોને ચાર પ્રકારની સિંચાઇ માટે પાણ અને હેક્ટરદીઠ ૧૬૦ રૂપિયા થી ૩૨૮ રૂપિયા ચૂકવવા પડે છે. મજાની વાત એવી છે કે આપણે બિસલરીની બોટલમાં ૨૦ રૂપિયાનું એક લીટર પાણી જયારથી પીવાનું શરૂ કર્યુ ત્યારથી સરકારે પાણીના ભાવ નક્કી કર્યા છે...

**નેતાઓ ચૂંટણી પંચને કામ આપી રહ્યાં છે...**

દર પાંચ વર્ષે આવતી વિધાનસભા અને લોકસભાની ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર